જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૧૧/૨૦૨૧ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૯૮/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૧૯	૪	૧૧૭૨૩	૧૭૮૨૯	૪	૧૭૮૩૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૧	૦	૧૨૧	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૯૦૩	૪૨	૭૩૯૪૫	૭૪૯૭૬	૪૮	૭૫૦૨૪
કુલ		૯૦૪૭૬	૪૬	૯૦૫૨૨	૯૯૪૮૪	૫૨	૯૯૫૩૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૫૩	૪,૩૪,૫૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૬૮	૪,૬૮,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન

મિલકત સંબંધી તથા શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમાં લુંટ તથા મારામારી ગુનામાં પકડાયેલ આરોપી નામે રૂપસિંગ ઉર્ફે પોયો સ/ઓ વિજયસિંગ જાતે કુશ્વાહ ઉ.વ.૨૫ રહે.કુંભાજીની ચાલી, મહાકાળી માતાના મંદિરની સામે, રામેશ્વર બ્રીજ નીચે, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૯૭૭/૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૩, ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં.૧૧૧ ૯૧૦૩૩૨૧૧૦૬૯/૨૧ ઈ.પી.કો. કલમ ૩૯૪, ૨૯૪(ખ), ૧૧૪ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઇસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ :ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૩૪/૨૦૨૧ તા.૧૭/૧૧/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઇસમને આજરોજ તા.૧૭/૧૧/૨૦૨૧ ના કલાક ૨૦/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૭/૧૧/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ. વી.એ.હરકટ
(૨) મ.સ.ઈ. દિલીપભાઈ ઈશ્વરભાઈ બ.નં.૭૬૨૦
(૩) પો.કો. કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૯૨૧૦
(૪) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૫) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૦૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૮ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૧૯૧ લીટર દેશી દારૂ, ૧૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩ કવાટર્સ ઇંગ્લીશ દારૂ, ૧ સ્કુટર, ૧ મોટર સાયકલ,૧ રીક્ષા અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૮૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદ:- **સમાચાર યાદી નં.૨૧૦૧/૨૦૨૧**

મણીનગરઃ કચરુભાઇ પરસોત્તમભાઇ પંચાલ (ઉ.વ.૬૨) (રહે. આકૃતી સોસાયટી અજય ટેનામેન્ટ મહાદેવનગર વસ્ત્રાલ રોડ) એ તા.૧૭/૧૧/૨૦૨૧ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૮/૨૦૧૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાનમાં આરોપી (૧) ગંભીરસિંહ ભુપતસિંહ ઝાલા (રહે. આશીષનગર અમરાઈવાડી) (૨) ક્વોટેશન આપનાર મનોજભાઇ પ્રભાકરભાઇ આશરા (રહે. મધુવન સોસાયટી જનકલ્યાણ હોસ્પિટલની બાજુમા શાહઆલમ ટોલનાકા મણીનગર) (૩) ઉમીયા એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર પિયુષભાઇ ખોડીદાસભાઇ પટેલ (રહે. શીખર રેસીડેન્સી સરદાર ચોક વિજયપાર્ક-૨ બીઆરટીએસ બસ સ્ટેશન રોડ કૃષ્ણનગર) (૪) ગુંજનભાઇ ભરતભાઇ શાહ (રહે. મણીલક્ષ્મી એપાર્ટમેન્ટ મેઘદુત સ્કુલની બાજુમા દક્ષીણી મણીનગર) નાઓએ ભેગા મળી કચરુભાઇ પંચાલને મશીનરી માટે અલ્હાબાદ બેંક મણીનગર શાખામાંથી રૂપિયા ૫૪,૦૦,૦૦૦/- લોન પાસ કરાવી તે પૈકી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/- કચરુભાઇ પંચાલના ખાતામાં ટ્રાન્સફર કરાવી મશીનરી મોકલી આપવાની વાત કરી લોનના બાકીના રૂપિયા ૪૪,૦૦,૦૦૦/- ઉપાડી મેળવી લઈ મશીનરી નહી મોકલી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી. સી.બી.ગોસ્વામી ચલાવે છે.

વાહન અકસ્માતમાં મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૧૦૨/૨૦૨૧**

"જે"ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ નિરજભાઇ શીવકુમાર પાલ (ઉ.વ.૧૮) (રહે. શીવકૃપા રેસીડેન્સી રૂપવાટીકાની બાજુમા વટવા) તા.૧૬/૧૧/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક અશોકભાઇના ફાર્મ હાઉસ સામે રસ્તાની બાજુમાં સ્કુટર પાર્ક કરી સ્કુટર ઉપર બેઠા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટરને ટક્કર મારતા નિરજભાઇ શીવકુમાર પાલને ગંભીર ઇજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં લઈ જતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મરણ જનાર નિરજભાઈ પાલના મિત્ર અમિત રામનારાયણ તોમરે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી.વાય.એસ.સિસોદીયા ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૨૧૦૩/૨૦૨૧**

નારોલઃ શીતલબહેન ડો/ઓ દરીભાઇ મરાઠી (ઉ.વ.૧૯) (રહે.ચૈતન્ય ટેનામેન્ટ વિભાગ-૧ મોની હોટલના ખાંચામા નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૨૦૨૧ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળાફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.